## ઉત્તરાયણમાં પતંગ ચગાવતા આ રાજકારણીઓના ફોટાને રાજકારણ સાથે કંઈ લેવાદેવા નથી...




■ સીઆર પાટીલે પતંગ ચગાવ્યો નહીં પરંતુ ઘાયલ પક્ષીઓનું નિરીક્ષણ જરૂર કર્યું...



■ હર્ષ સંઘવીનો પતંગ ભારે જોશથી ચગી રહ્યો છે અને તેઓ ‘કાઈપો જ છે...’ની બૂમો પણ પાડી રહ્યા છે.



■ પૂર્ણેશ મોદી જોઈ રહ્યા છે હવે હું મારો પતંગ ચગાવું કે નહીં...



■ દર્શના જરદોષ પતંગ ચગાવી રહ્યા છે અને ઝંખનાબેને ફીરકી પકડી છે અને બંનેનો પતંગ હાલમાં આકાશમાં ચગી રહ્યો છે.

### સુરત નજીક હાઈબજેટ સનસનીખેજ મૂવી જેવો સિનારીયો

# ઉત્રાણ રેલવે સ્ટેશન ટ્રેક પર માલગાડીમાંથી અનાજની લૂંટ

**બિલાસપુરથી** આવેલી ગૂડ્ઝ ટ્રેનના દરવાજા ખોલી ટપોટપ અનાજની ગુણીઓ લૂંટી ટ્રેક પર ફેંકાઈ



સુરતઃ ઉતરાણ રેલવે સ્ટેશન વિસ્તારમાં છત્તીસગઢના બિલાસપુરથી હજારો ટન અનાજ લઈને આવેલી માલગાડીમાંથી અનાજ માફિયાઓએ મનીષા ગરનાળા પાસે ખુલ્લેઆમ અનાજની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ માલગાડી બિલાસપુરથી રવાના થઈ ત્યારે તેના દરેક વેગન (ડબ્બા)ને રેલવેના કડક નિયમો મુજબ લોખંડના તાર અને સીલથી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. રેલવેના નિયમો મુજબ, ગંતવ્ય સ્થાન સિવાય વચ્ચે ક્યાંય પણ આ સીલ તોડવા એ ગુનો છે. જો કે, ઉતરાણ રેલવે સ્ટેશન અને મનીષા ગરનાળા યાર્ડની અપ લૂપ લાઈન નંબર 4 પર પાર્ક કરેલી આ માલગાડીમાંથી ચોખાની બોરીઓ ઉતારીને નજીકની ઝાડીઓમાં ફેંકી દેવામાં આવી છે. ટ્રેકની આસપાસ રિક્ષાઓ અને નાના ટેમ્પો જેવા વાહનો પણ તૈયાર રાખવામાં આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. માફિયાઓ એટલા બેખૌફ હતા કે જાણે તેમને કોઈનો ડર જ ન હોય તે રીતે અનાજની ચોરી કરતાં હતા. ગણતરીની મિનિટોમાં અનાજ ટ્રેક પરથી ગાયબ કરી દેવામાં આવ્યું હતું. હાલ તો આ અંગે અંકલેશ્વર યાર્ડમાં આરપીએફે કેસ દાખલ કર્યો અને તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ મામલે કેટલી ધરપકડ થાય છે તે જોવું રહ્યું!

### આરોપીનું કૃત્ય ભોગ બનનારના સામાજિક જીવનને નુકસાન પહોંચાડવાના હતો: કોર્ટ

# અંગત પળોના ફોટાની ધમકી આપી બળાત્કાર ગુજારનારને ત્રણ વર્ષની કેદ

**ભોગ** બનનારનાં લગ્ન બાદ પણ આરોપી મહેશ પાટીલ સંબંધ રાખવા ધમકી આપતો હતો

#### આરોપીએ ભોગ બનનારનું લગ્ન જીવન તોડાવી નાખ્યું હતું

ભોગ બનનારને ૨૦૧૮મા છોકરો જોવા આવ્યો ત્યારે આરોપીએ ફેસબુક પર ફોટા વાયરલ પણ કર્યા હતા. તેમજ આરોપીએ પોતાની હવસ સંતોષવાના ઇરાદે ફરીયાદી ભોગ બનનારને અવાર નવાર ફોન તેમજ મેસેજો કરતો હતો. પરંતુ ફરીયાદી ભોગબનનારે સંપર્ક નહીં રાખતા આરોપી મહેશ પાટીલએ તા. ૨૮/૭/૨૦૧૮ ના રોજ ફરીયાદી ભોગબનનારના મુંબઈનાં ઘરે જઈ તેણીનું લગ્ન તોડી નાંખવાના ઇરાદે આરોપીએ અંગતપળોના ફોટા ફરિયાદીના પતિને મોકલી લગ્ન સબંધ તોડાવી નાંખ્યું હતું.

સુરતઃ પ્રેમ સંબંધમાં અંગત પળોના ફોટા પાડી મા-બાપને બતાવી દેવાની ધમકી આપી પાંચેક વખત બળાત્કાર ગુજારી ભોગ બનનારનાં પતિને ફોટા મોકલી લગ્ન તોડાવી ગુનાહિત કૃત્ય આચરનારા આરોપીને કોર્ટે ત્રણ વર્ષની સજા અને રૂપિયા ૧,૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. આ કેસની હકીકત મુજબ ફરિયાદીભોગબનનાર અને આરોપી મહેશ અશોકભાઈ પાટીલના એકબીજાના સંપર્કમાં આવેલા હતા અને તેઓ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલા હતા. બાદમાં અંગતપળોના ફોટા મા-બાપને બતાવી બળાત્કાર ગુજારવાની ફરિયાદ પાંડેસરા પોલીસમાં નોંધાઈ હતી. બચાવપક્ષના મુખ્યત્વે દલીલો એ હતી કે ફરીયાદ બનાવના લાંબા સમય બાદ નોંધાઈ હતી. જ્યારે ફરિયાદ પક્ષે એપીપી વિ. એલ. ફળદુએ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીને કાયદામાં દર્શાવેલ મહત્તમ સજા કરવી જોઈએ જેથી સમાજમાં આવા ગુના બનતા અટકે અને સમાજમાં દાખલો બેસે તેવી રજૂઆત કરી હતી.કોર્ટે આરોપીએ આચરેલ ગુનાહિત કૃત્ય ની ગંભીરતા ધ્યાને લઈ નોંધ કરી હતી કે આરોપીના કૃત્યથી ભોગ બનનારનાં વિવાહિત જીવનનો અંત આવેલ છે. ભોગબનનાર બનાવમાં ખરેખર શારીરિક તેમજ માનસિક રીતે પીડીત મહિલા છે. તેણીને ભોગવી પડેલી શારિરીક માનસિક વ્યથા ધ્યાને લઈ વળતર આપવું યોગ્ય છે.

# જીલાની બ્રિજની ઘટના બાદ તમામ બ્રિજના રેલિંગની ચકાસણી કરવા આદેશ

**જીલાની** બ્રિજ પર અગાઉ પણ આવી ઘટના બની હોવાથી આ બ્રિજની પાળીની હાઈટ ચેક કરાશે

સુરતઃ સુરતના વેડ રોડ અને અડાજણને જોડતા ચંદ્રશેખર આઝાદ (જીલાની) બ્રિજ પર મકરસંક્રાંતિની સાંજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં પિતા-પુત્રીના કરૂણ મોત નીપજ્યા હતા. 35 વર્ષીય રેહાન પોતાની પત્ની રેહાના અને 7 વર્ષની પુત્રી આયેશા સાથે ફરવા નીકળ્યા હતા, ત્યારે બ્રિજ પર અચાનક પતંગની દોરી આડી આવતા તેને હટાવવાના પ્રયાસમાં બાઈકનું સંતુલન બગડ્યું હતું. બાઈક બ્રિજની પાળી સાથે અથડાતા ત્રણેય સભ્યો 70 ફૂટની ઊંચાઈએથી નીચે પટકાયા હતા, જેમાં રેહાન અને તેની માસૂમ પુત્રી આયેશાનું ઘટનાસ્થળે જ લોહીના રેલા વચ્ચે મોત નીપજ્યું હતું, જ્યારે પત્ની રેહાના નીચે ઉભેલી રિક્ષા પર પડતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

આ બ્રિજ પર અગાઉ પણ આવા જીવલેણ અકસ્માતો થયા હોવાથી બ્રિજની પાળીની ઓછી ઊંચાઈ અને સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સુરત મનપાની સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે તાત્કાલિક અસરથી જીલાની બ્રિજની પાળીની હાઈટ તપાસવા અને સ્થળ તપાસ કરવાના આદેશો આપ્યા છે. આ સાથે જ શહેરના અન્ય જોખમી વળાંક ધરાવતા બ્રિજો પર પણ સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવા અને ભવિષ્યમાં આવા અકસ્માતો રોકવા માટે જરૂરી સુધારા કે જે વ્યવસ્થા કરવી પડે તે કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

# સ્કૂલની ‘જગ્યા ફેરફાર’ મુદ્દે વિપક્ષના સ્થાયી ચેરમેનની ઓફિસ બહાર ધરણાં

**વિપક્ષ** ઉપવાસ પર બેસવાનો હોવા છતા ચીફ સિક્યુરિટી ઓફીસર ઘરે ચાલ્યા જતા વિવાદ વકર્યો

સુરતઃ સુરત મહાનગર પાલિકાના કતારગામ ઝોનમાં સાકાર થનારી સુમન હાઈસ્કૂલના પ્રોજેક્ટમાં સ્થળ બદલાવને લઈને મોટો વિવાદ સર્જાયો છે. શાળાની જગ્યા બદલવાની જાણ લેતી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકાતા વિપક્ષી સભ્યો વધુ આક્રમક બન્યા હતા. વિપક્ષના કોર્પોરેટરોએ સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલને આવેદનપત્ર આપી દરખાસ્તને દફતરે દેવાની માંગ કરી હતી. સાથે જ એવી ચેતવણી આપી હતી કે જ્યાં સુધી સ્થાયી સમિતિની બેઠકમાં આ દરખાસ્ત પર ચર્ચા ન થાય અને સત્તાવાર નિર્ણય ન લેવાય, ત્યાં સુધી તેઓ આંદોલન ચાલુ રાખશે.



#### કોર્પો. નરેન્દ્ર પાંડવની કાયદેસરની કાર્યવાહીની ચીમકી

કતારગામ વિસ્તારના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે મ્યુ કમિશનર શાલિની અગ્રવાલને રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કતારગામ વિસ્તારની ટીપી સ્કીમ નં. ૩૫ (કતારગામ) ફાઇનલ પ્લોટનં ૧૨૩ ખાતે કોઇ પ્રકારનો પ્રોજેક્ટ બનાવવાની મંજૂરી આપવામાં આવી નથી. તેમ છતાં સ્થળ પર મનપાની સુમન સ્કૂલ બનાવવા માટે બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જો આ બાબતે નિયમ, કાયદાનો ઉલંઘન કરવામાં આવ્યું હશે તો વહીવટી વડા તરીકે મ્યુ. કમિશનર તેના જવાબદાર રહેશે તેવી ચીમકી પણ નરેન્દ્ર પાંડવ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

## રૈયાણી દંપતી સાથે યુનિ. ફીના નામે લાખો રૂપિયા પડાવી લેવાયા

સુરતઃ રાજકોટ લોધીકા તાલુકાના ખાંભા ગામના મૂળ વતની અને ઉત્રાણ ખાતે આવેલી મંગલમ રેસિડેન્સમાં રહેતા લેબર કોન્ટ્રાક્ટર અનિલ ગોબરભાઈ રૈયાણી અને તેમનો પરિવાર ગત 30 મે-2024થી 5 સપ્ટેમ્બર 2024ના સમયગાળામાં ફ્રોડનો ભોગ બન્યો હતો. અનિલ રૈયાણીના કહેવા અનુસાર“હાર્દિક બદરૂખીયા” નામના શખ્સે મોબાઈલ નં.7777937271 અને +44 7863 004370 પરથી સંપર્ક સાધ્યો અને તેમની દીકરીને યુનિવર્સિટી ઓફ ઈસ્ટ લંડનમાં અભ્યાસ માટે ફી ભરવાની જરૂર હોવાનું કહી ડિજિટલ લેટરનો સ્ક્રીનશોટ મોકલી વિશ્વાસ જગાવ્યો હતો. વિશ્વાસમાં લઈને અનિલ અને તેમનાં પત્ની જાગૃતિબેનના બેંક ખાતાઓમાંથી અલગ અલગ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એમ કુલ રૂ.9,45,000 રૂપિયાનો ફંડ ભેજબાજોએ મળી કર્યો અને પરત આપ્યા ન હતા.

# આર્મી સ્ટાઇલ ઓપરેશનથી સુરત પોલીસે MPમાં શાતીર ચોરને પકડ્યો

**બુલેટપ્રૂફ** જેકેટ પહેરી વહેલી સવારે ગામમાં પ્રવેશ કર્યો અને ઓપરેશન પાર પાડ્યું

સુરતઃ લગ્નપ્રસંગની ભીડનો લાભ લઈ લાખોની ચોરી કરી ફરાર થયેલા શાતીર ચોરને પકડવા સુરત પોલીસે મધ્યપ્રદેશમાં ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડ્યું હતું. ગત 27 નવેમ્બર-2025ના રોજ ખોડલ ફાર્મ ખાતે બળવંત હડિયાના પુત્રના લગ્નપ્રસંગ દરમિયાન આરોપી અરુણ ઉમેશકુમાર ભણેરિયાએ મહેમાન બનીને સોનાનું મંગળસૂત્ર અને વીંટીઓ ભરેલો થેલો ચોરી લીધો હતો. એએસઆઈ ધનંજય અને સંજયને મળેલી બાતમી મુજબ આરોપીને મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના કડિયાસાસીથી સવારે 5-30 વાગ્યે ઝડપી લીધો હતો.

#### ચોરોના ગઢમાં જોખમભર્યું ઓપરેશન

કડિયાસાસી ગામને સ્થાનિક સ્તરે ચોરોનું ગઢ માનવામાં આવે છે. અહીં 150થી વધુ ઘરોમાં ગુનાહિત ઇતિહાસ ધરાવતા લોકો રહે છે. અગાઉ જ્યારે પણ અન્ય રાજ્યની પોલીસ અહીં કાર્યવાહી કરવા આવી છે, ત્યારે ગામના લોકો એકત્ર થઈ પોલીસ પર હુમલો કરતા હોવાના બનાવો નોંધાયા છે. આ જોખમને ધ્યાનમાં રાખીને સુરત પોલીસે કોઈપણ બેદરકારી ન રાખતા બુલેટપ્રૂફ જેકેટ પહેરી કાર્યવાહી કરી હતી. વહેલી સવારે કરાયેલી ચોક્કસ આયોજનબદ્ધ ઘેરાબંધીના કારણે કોઈ હિંસક અથડામણ વિના આરોપીને પકડી લેવાયો, જે પોલીસ માટે મોટી સફળતા માનવામાં આવી રહી છે.

#### MP પોલીસ સાથે સંયુક્ત વોચ બાદ ઝડપાયો

મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના બોડા પોલીસ સ્ટેશનની ટીમ સાથે સંયુક્ત રીતે એક અઠવાડિયા સુધી સતત વોચ અને તપાસ હાથ ધર્યા બાદ સુરત પોલીસને મોટી સફળતા મળી છે. સદર ગુનામાં સંડોવાયેલ આરોપી અરુણકુમાર ઉમેશકુમાર ભાણેરિયા (રહે.,કડિયાસાસી)ને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસએ આરોપી પાસેથી ચોરીનો મુદ્દામાલ પણ સંપૂર્ણ રીતે રિકવર કર્યો છે. જેમાં 22 કેરેટનું સોનાનું મંગળસૂત્ર (વજન 30.740 ગ્રામ, કિંમત રૂ.3,92,627), 18 કેરેટની બે સોનાની વીંટીઓ (વજન 2.540 ગ્રામ કિંમત રૂ.28,889 તથા વજન 2.804 ગ્રામ કિંમત રૂ.31,551) સહિત જી.એસ.ટી. સાથે કુલ રૂ.4,66,659નો સોનાનો મુદ્દામાલ મળ્યો છે. આ ઉપરાંત આરોપી પાસેથી રૂ.4,41,000 રોકડ જપ્ત કરવામાં આવી છે. આમ કુલ રૂ.9,07,669ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હીરા ઉદ્યોગ માટે કેરેટ ટેક્સ મોડલ લાગુ કરો: GJEPC

**GJEPCએ** નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને બજેટ પૂર્વે ભલામણો મોકલી

#### GJEPCની ભલામણો

1. રફ ડાયમંડ ટ્રેડિંગ માટે કર-વ્યવસ્થા ઉદાર( લિબર્લાઈઝડ) કરવામાં આવે
2. કટ અને પોલિશ્ડ સ્ટોન્સ પર ડ્યુટીને તર્ક સંગત
3. સોના અને ચાંદીની જ્વેલરી પર એડ-વેલોરમ ડ્યુટી ડ્રો બેક
4. ડ્યુટી ડ્રોબેક યોજનામાં પ્લેટિનિયમ અને ગોલ્ડ આર્ટીકલ્સને સામેલ કરવી
5. વિદેશી પર્યટકો માટે ટેક્સ રિફંડ સ્કીમ
6. સાનુકૂળતાઅને વિકાસ માટે SEZનીફ્લેક્સિબિલિટી વધારવી
7. કસ્ટમ ધારામાં સુધારો અને કસ્ટમ પ્રક્રિયાને સરળ બનાવવી
8. લેબ-ગ્રોન ડાયમંડ માટે સીડ્સ પર ડ્યુટી સંબંધિત છૂટછાટને લંબાવવી

સુરતઃ ભારતના જેમ એન્ડ જ્વેલરી સેક્ટરની સર્વોચ્ચ સંસ્થા જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને બજેટ પૂર્વે કેટલાક સૂચન કર્યાં છે. જેમાં વર્તમાન 4 ટકા સેફ હાર્બર ટેક્સને ઘણો ઊંચો,આંતરરાષ્ટ્રીય ટ્રેડિંગમાં અવરોધ રૂપ છે,બેલ્જિયમની જેમ” કેરેટ ટેક્સ” મોડલ લાગુ કરવા,અને સ્પેશિયલ નોટિફાઈડ ઝોનમાં કામ કરનાર ફોરેન માઈનિંગ કંપનીઓને રફ ઓક્શનમાં ખેંચી લાવવા પ્રોત્સાહન આપવા માંગ કરી છે.

GJEPCના ચેરમેન કિરીટ ભણસાલી એ જણાવ્યું હતું કે, “જેમ એન્ડ જ્વેલરીના વૈશ્વિક વ્યાપાર એક મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. અમેરિકાના ઊંચા ટેરિફ, ગ્રાહકોની પસંદગીમાં પરિવર્તન તથા વૈશ્વિક સપ્લાઈ ચેઈન ની સ્થિતિને જોતા હવે એ બાબત જોવી જરૂરી છે કે ભારત તેની સ્પર્ધાત્મકતાની સ્થિતિને યથાવત રાખે. બજેટ પૂર્વેની અમારી કેટલીક દરખાસ્તો ભારતીય નિકાસોને વધારે ખર્ચ-કાર્યક્ષમ એટલે કે કોસ્ટ-એફિશિએન્ટ બનાવવા, SEZ ઓપરેશન ને મજબૂત કરવા અને રોકાણ તથા કૌશલ વિકાસને પ્રોત્સાહન આપનારી પોલિસી ફ્રેમવર્કને વધુ કાર્યક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતમાં ગાંધીતીર્થનાં નિર્માણ માટે શનિવારે બેઠક

સુરતઃ ગુજરાતમાં તમામ પ્રકારની ગાંધી-પ્રવૃત્તિઓ થઈ શકે એ માટે ‘ગાંધીતીર્થ’નું નિર્માણ કરી શકાય. સુરતમાં એ માટે પુરતી અનુકુળતા છે. આ બાબતે ચર્ચા-વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા માટે સુરતના કેટલાક શિક્ષણ પ્રેમીઓ અને ગાંધી-પ્રેમીઓની મિટિંગ યોજવાનું નક્કી કર્યું છે. આ મિટિંગ પ્રાર્થના સંઘમાં તા. ૧૭-૦૧-૨૦૨૬ના રોજ શનિવારે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ દરમ્યાન મળશે.

### અખિલ હિંદ મહિલા પરિષદ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન

સુરતઃ અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખાના ઉમંગ પ્રકલ્પ દ્વારા સભ્ય બહેનો માટે મેજિસ્ટિક ઈવેન્ટ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિમલ શાહ દ્વારા સુમધુર સંગીત રજૂ કરવામાં આવ્યુ હતું. પ્રમુખ હંસાબેન ચોકસીએ આવકાર આપ્યો અને અધ્યક્ષ વર્ષાબેન ઠક્કરે અન્ય માહિતી રજૂ કરી હતી. સભ્ય બહેનોએ આનંદપૂર્વક કાર્યક્રમ માણ્યો હતો.

### પૂર્વ ડિરેક્ટર સોનેરિયા પરિવારે રાંદેર પીપલ્સ બેંકની જવાબદારી અદા કરી



સુરતઃ રાંદેર પીપલ્સ બેંકના ભૂતપૂર્વ ડિરેક્ટર અને નવયુગ કોલેજના પૂર્વ પ્રોફેસર સ્વ. ચંપકભાઈ સોનેરિયાના ધર્મપત્ની અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુ.મા.પા.નાં નિવૃત્ત આચાર્ય જયાબેન સોનેરિયા અને પુત્ર કંદર્પ સોનેરિયાએ સરકારના કાયદાની કલમ 86 અને 93 અન્વયે જવાબદારી નક્કી કરવામાં આવી હતી, જે પૈકી સ્વ. ચંપકભાઈના ભાગે આવેલી રકમ રૂ.૧૦,૭૬,૯૪૩.૦૦ (રૂપિયા દસ લાખ છોત્તેર હજાર નવ સો તેતાલીસ )નો ચેક બેંકના એમ.ડી. ઉમેશભાઇ જે. દેસાઇને સુપરત કરી બેંકમાં જમા કરાવી સોનેરિયા પરિવારે જાગૃત સભાસદનો નવો અને પ્રેરક દાખલો બેસાડ્યો છે. ચેરમેન વિશાલ સેલર તેમના ઘરે જઈ જયાબેનને શાલ ઓઢાડી સન્માનિત કરી આભાર વ્યકત કર્યો હતો.

### મકર સંક્રાંતિ પર લાખો ભક્તોએ કર્યા ખાટુશ્યામ બાબાના દર્શન



સુરત : મકરસંક્રાંતિના પવિત્ર અવસર પર વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર, સુરત ધામ ખાતે લાખો ભક્તોએ બાબા શ્યામના દર્શન કર્યા હતા. શ્રી શ્યામ સેવા ટ્રસ્ટના પ્રમુખ કૈલાશ હાકિમે જણાવ્યું હતું કે, સવારે પાંચ વાગ્યાથી ભક્તોનું આગમન શરૂ થયું હતું, જે મોડી રાત સુધી ચાલ્યું હતું.તમામ ભક્તોએ કતારમાં ઊભા રહીને બાબાના દર્શન કર્યા હતા. આ દરમિયાન ભક્તોએ અતૂટ શ્રદ્ધા અને શિસ્તનો પરિચય આપ્યો હતો. કતારોમાં ભક્તો બાબા શ્યામના જયઘોષ કરતા જોવા મળ્યા હતા. આખો દિવસ દર્શનાર્થીઓની લાંબી લાઈનો લાગેલી રહી હતી. ભક્તોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે 150 થી વધુ કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી.ટ્રસ્ટ દ્વારા આ અવસર પર ટ્રસ્ટીઓ અને આજીવન સભ્યો માટે વિશેષ દર્શન પાસની ડિજિટલ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

### એક પણ દુ:ખ સહન કરવા માટે માણસ તૈયાર નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે. મૂ. પૂ. સંઘમાં ચાલતા ‘સત્સંગ સપ્તાહ’ના અંતિમ દિવસે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પરમાત્માની સમીપે જવા માટે દુ:ખ, સુખ, આક્રોશ અને બીજાના વિચારોને સહન કરતા શીખવું જોઈએ. અત્યારે વાસ્તવિક દુ:ખ જ નહીં પણ દુ:ખનું સ્વપ્ન આવતાં જ માણસ ધ્રુજી ઊઠે છે. દુ:ખ જોઈતું નથી અને દુ:ખને આમંત્રણ આપવા માટેના ધંધા તો બંધ થતા નથી. શારીરિક દુ:ખો કરતાં માનસિક દુ:ખોનો ભાર અસહ્ય લાગો છે. અલ્પતા કે અભાવનાં દુ:ખ કરતાં કલ્પનાનાં દુ:ખો માણસને વધુ કોરી ખાય છે. એક પણ દુ:ખ સહન કરવા માટે માણસ તૈયાર નથી. અસહિષ્ણુતાની આગને કારણે કુટુંબ, પરિવાર, સમાજ અને રાજકારણમાં ભારે ભાંગફોડ થઈ રહી છે. અત્યારે અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર વિશ્વમાં અસહિષ્ણુતાની કાતીલ આગ લગાડી છે. જેનાં કારણે સમગ્ર વિશ્વ દુ:ખના દાવાનળમાં ઝીંકાયું છે.

### રંગોળી બનાવીને પદ્મશાલી તેલુગુ સમાજ દ્વારા મકરસંક્રાંતિની ઉજવણી કરાઈ



ગુજરાતમાં વસવાટ કરતા હોવા છતાં પદ્મશાલી તેલુગુ સમાજ પોતાના પરંપરાગત રીતિ-રિવાજો અને સંસ્કૃતિને આજ સુધી નિષ્ઠાપૂર્વક જાળવી રાખી રહ્યો છે, તેનો જીવંત દાખલો આ રંગોળી સ્પર્ધા બની. મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલી રંગોળીઓમાં તેલંગાણાની સંસ્કૃતિ, પરંપરા અને મકરસંક્રાંતિનું વિશેષ મહત્વ સુંદર રીતે પ્રતિબિંબિત થયું. સમગ્ર વાતાવરણમાં એવું અનુભૂતિ થઈ રહ્યું હતું કે જાણે તેલંગાણામાં જ મકરસંક્રાંતિનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હોય.

### શ્રી શ્યામ સેવા ટ્રસ્ટે સફાઈ કામદારોને પેન્ટ-શર્ટનું વિતરણ કર્યું

સુરતઃ ગુજરાત રાજ્યના ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના જન્મદિન નિમિત્તે મજુરા વિસ્તારના સફાઈ કામદારોને સાડી અને પેન્ટ-શર્ટ વિતરણનો કાર્યક્રમ વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર, સુરતધામ ખાતે યોજાયો હતો. કૈલાશ હાકિમે જણાવ્યું હતું કે, આ અવસરે હર્ષભાઈ સંઘવીએ બાબા શ્યામના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે મજુરા વિસ્તારના ૬૦૦થી વધુ સફાઈ કામદારોને સાડી અને પેન્ટ-શર્ટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી શ્યામ સેવા ટ્રસ્ટના તમામ કારોબારી સભ્યો અને ઉપસ્થિત શ્યામ ભક્તોએ તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

### શિક્ષણ સમિતિની શાળા ક્રમાંક-301નો વાર્ષિક ઉત્સવ ઉજવાયો



સુરતઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શ્રી પુરુષોત્તમજી પ્રાથમિક શાળા ક્રમાંક-૩૦૧ના વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ સંસ્કૃતિની રંગત રંગોત્સવ કાર્યક્રમની ઉજવણી તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવારના રોજ આથમતી સંધ્યાના રંગો સાથે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનો, દાતા, શાળાના વાલીઓ તથા આચાર્ય છાયાબેન પાવાગઢી દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. બાલવાટિકાથી ધોરણ-૮ સુધીનાં ૩૬૨ બાળકોએ સુંદર અને ખૂબ જ આકર્ષક કૃતિઓ રજૂ કરી તથા શાળાના વાલીઓ દ્વારા “દીકરી મારી લાડકવાઈ” કૃતિ રજૂ કરી તથા આપણી સંસ્કૃતિની ધરોહર સમાન “રામાયણ”ની કૃતિઓએ ખુબ જ આકર્ષણ જમાવ્યું હતું. અન્ય કૃતિઓ પણ ખુબ જ સુંદર હતી.